# કચેરીમાં બાંધેલી બોલપેન

નબોલવામાં નવ ગુણ
★ નટવર પંડ્યા

સરકારી કચેરીઓમાં કેટલીક જગ્યાએ લોકોએ ઉપયોગમાં લેવાની બોલપેન દોરીથી બાંધેલી હોય છે. અને તે જે ટેબલ પર પડી હોય તે ટેબલ બાંધ્યા વગરનું ખુલ્લું પડ્યું હોય છે. એકવાર આવી બંધાયેલી બોલપેનને જોઈને મેં એક સાહેબ સ્વરૂપ કારકુનભાઈને પૂછ્યું કે આ બોલપેન બાંધીને કેમ રાખો છો! ત્યારે તેણે વ્યંગમાં કહ્યું, "આ પ્રજાનો કોઈ ભરોસો નહીં!" મેં કહ્યું, "તમે સાવ સસ્તી બોલપેન બાંધેલી છે અને દશ હજારની કિંમતનું ટેબલ તો ખુલ્લું પડ્યું છે?" એટલે તેણે મને મુદ્દા પર ખેંચી લાવતા કહ્યું, "તમારે કામ શું છે? એ બોલોને!"

આમ તે લોકો 2-5 રૂપિયાની બોલપેન ના મુદ્દે પ્રજા પર ભરોસો મૂકતા નથી પણ દશ હજારનું ટેબલ રામભરોસે એટલે કે પ્રજાભરોસે પડ્યું હોય છે. આવા એક ટેબલની ચારે બાજુ અથવા તો દશે દિશામાં 5-7 લોકો ઉભા હોય. તેમાં 2-3 જણ બોલપેન વિનાના હોય જ. આપણે આવી બંધાયેલી બોલપેનથી લખતા હોઈએ અને આપણી જમણી બાજુ ઊભેલો વ્યક્તિ બોલપેન માગે તો તેને આપી શકીએ પણ આપણી ડાબી બાજુવાળાને ન આપી શકીએ. કારણ કે બોલપેન જમણી બાજુ બંધાયેલી હોય છે. તેથી ડાબી બાજુવાળા સુધી પહોંચી શકે તેમ ન હોય. તેથી તે ડાબેરીએ બોલપેનનો ઉપયોગ કરવો હોય તો સ્થાનપલ્ટો કરવો પડે અને ડાબેરીમાંથી જમણેરી બનવું પડે. એટલે આવી બંધાયેલી બોલપેનનો ઉપયોગ કરવો હોય તેણે પેલા જમણેરીભાઈની આજુબાજુ જમા થવું પડે.




કેટલાક લોકોથી આ સહન થતું નથી. તેઓ વિચારે છે કે આજે આખા દેશમાં મુક્ત અર્થવ્યવસ્થા છે. બેંકો તે મુક્ત અર્થવ્યવસ્થાનો એક ભાગ છે અને બેંકોમાંની બોલપેન પણ તેનો એક નાનકડો ભાગ જ ગણાય! તો મુક્ત અર્થવ્યવસ્થામાં બોલપેન મુક્ત કેમ નહીં. તેથી કેટલાક લોકો આવી બોલપેનને દોરીથી મુક્ત કરવા પ્રયત્ન કરે છે. તેની ગાંઠ છોડવા મથામણ કરે છે પણ ગાંઠ છોડવા કરતાં તો સૌ પ્રથમ ગાંઠ શોધવી જ મુશ્કેલ હોય છે, ગાંઠ જડે તો છૂટે ને!

આપણે માનતા હોઈએ કે આપણે બુદ્ધિશાળી છીએ પણ એવું નથી. બુદ્ધિશાળી લોકો તો સરકારી નોકરી કરે છે અને આપણે ઓફિસોમાં ઠેબા ખાઈએ છીએ. એટલે જે તે કચેરીના બુદ્ધિશાળી કર્મયોગીએ બોલપેનને દોરા વડે બાંધતા પહેલા આ મુદ્દે ગંભીર વિચાર કર્યો જ હશે કે આ પ્રજા બોલપેન છોડવાનો પ્રયત્ન કરશે જ! પણ આપણને ખબર નથી કે કેટલીક બોલપેનો બંધાવા માટે જ સર્જાઈ હોય છે. એટલે આવી બોલપેનોના છેડે બોલપેન ફરતે બે ત્રણ ઊંડા ખાંચાવાળા રાઉન્ડ હોય છે. અને એ ખાંચાવાળા રાઉન્ડમાં મીણપાયેલો મજબૂત દોરો (લગભગ બુટ ચપ્પલ સાંધવાના દોરા જેવો જ મજબૂત) બાંધીને કચકચાવીને બે ત્રણ ગાંઠ મારવામાં આવી હોય છે. તે દોરો અને ગાંઠ ખાચામાં એવા જડબેસલ્લાક બેસી ગયા હોય કે કોઈને તે ગાંઠ મળે નહીં અને મળે તો ખુલે નહિ. આ ઉપરાંત જો કોઈ દોરાને બે હાથ વડે ખેંચીને તોડવાનો પ્રયત્ન કરે તો તે દોરો હાથની હથેળીમાં ઊતરી જાય પણ તૂટે નહીં. આમ દોરો તૂટે નહીં અને બોલપેન છૂટે નહીં. એટલે બોલપેન મુક્તિ અભિયાન હાથ ધરેલો ક્રાંતિવીર થોડીવાર પછી કંટાળીને એ પ્રોજેક્ટ પડતો મૂકે છે અને બીજાની બોલપેન માગીને કામ પતાવે છે.

જો કોઈ લેખક બોલપેનને બંધાયેલી હાલતમાં જુએ તો તેનું હૃદય દ્રવી ઊઠે કે દેશને આઝાદી અપાવવામાં જે અખબારોનો સિંહ ફાળો હતો તેના તેજાબી લેખો પણ સૌ પ્રથમ તો પેનથી જ લખાયેલા હતા. બોલપેન કે ફાઉન્ટનપેનના લખાણો થકી તો અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિ મળી છે. અને અહીં બોલપેન જ બંધાયેલી! આવી સ્થિતિ જોઈને લેખકને વહીવટી તંત્રમાં બંધિયારપણાની બદબૂ આવે છે. અરે એક સંવેદનશીલ લેખક તો ખીલે બંધાયેલી ગાય કે ભેંસ જુએ તો પણ વેદના અનુભવે. તો પછી બંધાયેલી બોલપેન જોઈને તેમના હૃદયની શું હાલત થતી હશે!

બીજી બાજુ તમે કચેરીના સ્ટાફને જુઓ તો તે કાયમી નોકરી ધરાવતા સરકારી કર્મચારીઓ હોય છે. સિનિયર હોય છે એટલે તેમનો પગાર પણ સારો એવો સુખદાયી હોય છે. છતાં પણ અમે સગી આંખે જોયું છે (અને તમે પણ જોયું હશે) કે આમાંના મોટાભાગના કર્મચારીઓ ઓફિસમાં જે બોલપેનનો ઉપયોગ કરે છે તેની કિંમત ઓછામાં ઓછી 2 રૂપિયા અને વધુમાં વધુ 5 રૂપિયા હોય છે. ઓફિસ કામમાં તે લોકોના હાથમાં 50-100 રૂપિયાવાળી બોલપેન જોવા મળતી નથી. એટલે કે આ કોઈ નેગેટિવ પોઇન્ટ નથી. ઘણા મહામોટીવેટર્સ કહે છે તેમ પોઝિટિવ થિંકીંગ કરો તો તેમાં તમને પ્રજાભિમુખ વહીવટની જ્યોત ઝળહળતી દેખાય. કારણ કે પોઝિટિવ થીંકીંગ મુજબ કચેરીના કર્મયોગીઓ એવું વિચારે છે કે પ્રજા બિચારી લાખો રૂપિયાની લોન લેવા માટે 2-5 રૂપિયાની બોલપેન વાપરતી હોય, તો તે પ્રજાના સેવક એવા અમે મોંઘેરી પેન કેવી રીતે વાપરી શકીએ! આમ, અહીં જનતાની અને કચેરીના કર્મયોગીની સંવેદનાનું સ્નેહમિલન રચાય છે ત્યારે બંને પક્ષે સમાન બોલપેન જ જોવા મળે છે. એ જ કર્મયોગી જો સજોડે આપણે ઘેર મહેમાન બનીને પધારે તો ત્યારે તેમની સાથે થોડા ભારે શરીરવાળા પત્ની અને ખિસ્સામાં ભારે કિંમતની બોલપેન હોય છે. તેઓ કદાચ સાસરે જતા હશે ત્યારે તો વધુ કિંમતી બોલપેન રાખતા હશે. પછી ભલે સાળીજી તે બોલપેન પ્રેમથી પડાવી લે. એ તો ઢોળાયું તોય! આપણને થાય કે બોલપેનનું સ્થાન તો ટેબલ પરના સ્ટેન્ડમાં હોય અથવા ખિસ્સામાં કે પર્સમાં હોય. પણ ના, અમુક બોલપેન આગવા સ્થાન ધરાવે છે આજથી 35-40 વર્ષ પહેલા બસ કંડક્ટર જે બોલપેન રાખતા તે ઢાંકણા વગરની રહેતી એટલે કે બંને બાજુ રિફિલ વાળી હોલ્ડર બોલપેન હતી. અમે તેને 'એસ.ટી. બોલપેન' કહેતા અને તે ક્યારેય કંડક્ટરના ખિસ્સામાં જોવા મળતી નહીં. તે કંડક્ટરની બસ ટિકિટો ભરેલી પેટીમાં રહેતી. તે પેટીમાં એક બાજુ એકાદ બે દાતણ અને બીજી બાજુ બોલપેન રહેતી. ટિકિટો કપાય પછી પત્રકમાં હિસાબ લખી અને ફરી પાછી બોલપેન એ જ પેટીમાં મૂકી દેવામાં આવતી. આ એક જ બોલપેન એવી હતી કે તે જે ચીજનો હિસાબ લખતી તેની સાથે જ રહેતી, હિસાબ લખનાર પાસે નહીં. આજે પણ તમે જુઓ તો સવાર સાંજ મોટરસાઈકલ પર દૂધ આપવા આવનારની બોલપેન ક્યારેય તેના ખિસ્સામાં નથી હોતી. તેનું સ્થાન તેના કાન પર જ હોય છે અને તે ખુલ્લી જ હોય છે.

જો તે દૂધવાળો ચાલુ બાઇકે ડાબા કાન સાથે મોબાઈલ દબાવીને વાત કરતો હોય તો સમજવું કે તે જમણા કાન પર બોલપેન રાખે છે. ફર્નિચરના કારીગર એવા મિસ્ત્રીની પેન્સિલનું સ્થાન પણ કાન પર જ હોય છે અને ઉપરોક્ત બતાવેલી બધી જ બોલપેનો પાછી મોંઘી હોતી નથી. આમ તો આપણા મગજમાં ઉદ્ભવેલા વિચારોને બોલપેને કાગળ પર ઉતારવાના હોય છે પણ બંધાયેલી બોલપેન જોઈને જે વિચારો ઉદ્ભવે તેને ક્યાં ઉતારવા?

**કચેરીના કર્મયોગીઓ એવું વિચારે છે કે પ્રજા બિચારી લાખો રૂપિયાની લોન લેવા માટે 2-5 રૂપિયાની બોલપેન વાપરતી હોય, તો તે પ્રજાના સેવક એવા અમે મોંઘેરી પેન કેવી રીતે વાપરી શકીએ!**

## ગરમાગરમ

(1) માવઠાની શાયરી
મધરાતે ઘરમાં ઘૂસેલો ચોર ન બોલે,
અને માવઠામાં કોઈ દી'મોર ન બોલે.
(2) માવઠા મંથન:- માવઠાનો વરસાદ એ 'લગ્ન પછી સજોડે નીકળ્યા હોઈએ ત્યારે સામે મળેલી કોલેજકાળની પ્રિયતમા જેવો હોય છે.' એ નુકસાન જ કરે.